ૐ

અનેક રાજવંશીઓના આશ્રય તળે ચાલતી
અને પ્રજાની પસંદગી પામેલી

શ્રી હિન્દ નાટક સમાજ

છત્રપતિ સંભાજી

—નાટકના ગાયનો અને ટુંક સાર—

છપાવી પ્રસિદ્ધ કરનાર

મયાશંકર રેવાશંકર મહેતા.

વીરમગામ.

'રણુ-સાગર' પ્રેસમાં ગિરિજાશંકર બી. ત્રિવેદીએ છાપ્યું,
ન્યુ સ્મોલ કોઝ કોર્ટની સામે, કેમ્પબેલ સ્ટ્રીટ-કરાચી.

આવૃત્તિ ૧લી   સને ૧૯૨૩.   પ્રત ૧૦૦૦

કીંમત ચાર આના.

છત્રપતિ સંભાજી નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

પ્રવેશ—૧ લો ઇશ્વર સ્તુતી બાદ

સ્થળ કીલ્લો મહારાષ્ટ્ર દેશના સ્વામી ઇતીહાસ પ્રસિદ્ધ શુરવીર શીવાજી નો પુત્ર સંભાજી પોતાના દુષ્ટ વીચારથી રાજ્ય લોભ માટે પોતાની જનેતા સૌર્યાબાઇને કીલ્લામા બોલાવી પત્થરની જગાએ દીવાલમા ચણે કે રાજા રામ ભયકર કીલ્લાની દીવાલ તોડી પ્રવેશ કરે છે. પોતાની માતાપર થયેલો જુલ્મ જાણી બન્ને ભાઇઓ અરસપરસ લડે છે રાજા રામનુ કેદ થવુ

પ્ર૦ ૨ જો. સ્થળ રસ્તો

ભોળા બ્રહ્મચારીનુ ગુરુજીની આજ્ઞાથી ભીક્ષા લવા નગરમા જવુ ત્યા બ્રહ્મચારી પર મોહીત બનેલી કમળા નારીનું આવવુ જબરજસ્તીથી પ્રેમની માગણી કરવી

પ્ર૦ ૩ જો. સ્થળ કારાગ્રહ

રાજારામે કારાગ્રહમા ચકકી પીસવી, રાજ્ય માટે સંભાજીનુ ખુન કરવા હમીરરાવ રાજારામને કરેલો હુકમ, હુકમનો અનાદર થતા હટરનો માર શાહુ કુમારે આવી રાજારામનો કરેલો બચાવ, પાછળથી સંભાજીએ શાહુ ઉપર ઉશ્કેરાઇ તલવારથી મારવા જતા સુર્યાજીએ આવી કરેલો બચાવ ત્યા રાજારામને કેદથી મુકત કરાવી પસાર કરવો

પ્ર૦ ૪ થો સ્થળ રાજકુવરનો ખાનગી આવાસ

રાજકુવર તથા ગણોજીરાવનો સંભાજીના નીચ કૃત્યા પર તીરસ્કાર રણોજીના ખુનના સમાચાર કામલતાએ આપવા બન્ધુના ખુન બદલ ખુન કરવા કરેલી ગણોજીની ભીષ્મ પ્રતિજ્ઞા

પ્ર૦ ૫ મો સ્થળ બગાચો

ગીરજા—પખીઓ તથા શાહુ કુમારનો હાસ્ય વીનોદ સભાજીને લઇ કામલતાનુ આવવુ, સભાજીને દારૂમા મસ્ત બનાવવો, સુર્યાજીએ ગુપ્ત રહી કામલતાને ગોળી બહારથી ઠાર કરવી, ગણોજીએ આવી સુર્યાજી તથા સભાજીને ગુનેગાર ગણી મોગલ સેનાપતીને હાથે કેદ પકડાવવા

પ્ર૦ ૬ ઠો સ્થળ કબજીનુ ઘર કોમીક

વાઢા કબજી કરનલના ઘરમા દેવતા લેવા આવેલી લીલીએ પસાર થઇ સડાસમા છુપાવુ કબજીએ તેની શોધમા જવુ કમળાના હાથમાથી ભાગી છુટેલા બ્રહ્મચારીએ સડાસમા સતાવા જતા લીલીને ભુત સમજી ભયભીત થઇ ભાગવુ, લીલીએ હાથ પકડી પોતાના સ્વામી થવા કરેલી યાચના, તવામા કમળાનુ આવવુ, ત્રણેનો અરસપરસ ઝગડો

પ્ર૦ ૭ મો સ્થળ છાવણી

કેદી અવસ્થામા પાતાના દુરાચારી કૃત્યોનો સભાજીએ કરેલો પશ્ચાતાપ, શાહજાદા મોઆજીમે આપેલી ધીરજ તથા સુર્યાજીને બધનથી મુક્ત કરવા સભાજી પાસે લીધેલી પ્રતિજ્ઞા સભાજીની તપાસ અર્થે નીકળેલી ગીરજાનુ આવવુ, મોગલ સનાપતી મુકર્બખાનનો ભટો ગીરજા તથા મુકર્બખાનની લડાઇ ગીરજાને કેદ કરવી

પ્ર૦ ૮ મો સ્થળ રસ્તા

કબજીએ રાજ્ય પડીતનો હોદ્દો મળ્યા હોવાથી ખુશી થવુ અને લીલીની તપાસ ન કરી લાવવા બદલ પોતાના નોકર અડબગનુ કરેલુ ખુન, લીલી તથા કમળાના ત્રાસથી છુપવાની જગ્યા શોધતા બ્રહ્મચારીનુ આવવુ બ્રહ્મચારી પર સ્ત્રીઓ મોહે છે એમ સમજી વાઢા કબજીએ બ્રહ્મચારીનો વશ ધારણ કરી બ્રહ્મચારીને કબજી બનાવી ચીતરજન સાથે રવાના કરવા, બ્રહ્મચારીને ગાધતી કબજીની પુત્રી કમળાનુ આવવુ, બ્રહ્મચારીના સ્વરૂપમા કબજી પાસે પ્રેમની માગણી કરવી, પોગળ ખુલ્લુ થતા કમળાનુ ભાગી જવુ

પ્ર૦ ૬ ઠ્ઠો સ્થળ કચેરી

આલમગીરે સભાજીને કેદી અવસ્થામા ભર દરબારમા બોલાવી ગણોજી રાવની ઉશ્કેરણીથી સભાજીનો શીરચ્છેદ કરવા કરેલો હુકમ શાહજાદા મોઆજીમે નીર્દોષનો વધ ન કરવા બદલ કરેલી આજીજી આલમગીરનું ઉશ્કેરાવુ જલ્લાદને હાથે સભાજીનો શીરચ્છેદ ગુર્યાજીએ ગુપ્ત આવી સભાજીના મસ્તકનુ કરેલુ હરણ સભાસદોનુ ભયભીત થવુ

અંક ૧ લો સમાપ્ત.

અંક ૨ જો.

પ્ર૦ ૧ લો સ્થળ આલમગીરનો ખાનગી આવાસ

આલમગીર ગણોજીરાવને પક્ષમા લઇ રાજારામ તથા શાહુને કેદ કરવા વીષેની ખાનગી મસલત ચલાવવી તથા મરાઠા રાજ્ય સ્વહસ્તે કર્યા પછી ગણોજી રાવનો ઠાર મારવાનો આલમગીરનો સંકલ્પ, મોઆજીમે આ સઘળી ખાનગી મસલત સાભળી રાજારામ તથા શાહુની મદદે જવુ

પ્ર૦ ૨ જો સ્થળ નીરંજન વન

રાજારામ તથા શાહુના કુટુબમા કુસપનુ બીજ રોપાયુ હોવાથી મરાઠા જાતીની પડતી વીષેનો પરીતાપ, સુર્યાજીએ આવી સભાજીનુ મરણુ આલમગીરે કર્યુ એવા ખબર દેવા તથા સભાજીનુ મસ્તક હાજર કરવુ, બન્ધુનો વધ, તથા દ્રશ્ય મસ્તક દર્શનથી મરાઠા યોદ્ધા રાજારામે અત્યંત અફસોસ આર્ય બન્ધુના માતનુ વેર લેવા કરેલો નીશ્ચય

પ્ર૦ ૩ જો સ્થળ ચીતરંજનનુ ઘર કોમીક

કબજી પંડીતનુ નામ સાભળી તેના મોહીત બનેલી ચપળા પોતાના મનમા પરણવાનો સંકલ્પ કરે છે ત્યા પંડીત સ્વાગમા બ્રહ્મચારીને લઇ ચીતરંજનનુ આવવુ તથા પોતાની પુત્રી કમળા સાથે હસ્ત મેળાપ કરાવવો, પંડીતના સ્વાંગમા છુપેલા બ્રહ્મચારીએ હું પંડીત

નહી પણ બ્રહ્મચારી છું એમ કહી આનાકાના કરવી એવામા બ્રહ્મચારીની શોધમા નીકળેલી કમળા તથા લીલીનુ જોગણુ વેશમા આવવુ સઘળા જાહેર થતા બ્રહ્મચારીને પકડી ત્રણે સ્ત્રીઓએ પરણવાનો કરેલો સંકલ્પ.

પ્ર૦ ૪ થો સ્થળ રાજકુવરનો ખાનગી મહાલય

ગણોજીરાવ મરાઠા જાતીનુ નીકંદન વાળવા મોગલ બાદશાહના પક્ષમા ભળેલા હોવાથી રાજકુવરે પોતના સ્વામી પ્રત્યે દીલગીર થઇ ધીક્કારવુ ગણોજીરાવ આવી શાહુને કેદ કર્યો અને રાજારામને કદ કરી મરાઠા જાતીએ વાવવશ કરીશ અવા ઉદ્ગાર કાઢવા બાદ રાજકુવરના હાથે ગણોજીરાવ મહાલયમા પ્રપંચથી કેદ, રાજકુવર સજ થઇ શાહુને બંધન છુટો કરવા જવુ, ત્યા મરાઠા ક્ષાત્ર જાતી માટે કેશરીઆ કરવા કરેલી તૈયારી

પ્ર૦ ૫ મો સ્થળ સમુદ્ર કીનારે

ગોરજાના જલમા અફસોસ, રાજા રામ આવી હીંમત આપી જેલમા થી લઇ પસાર થવુ ત્યા આલમગીરે આવી અટકાવવુ રાજા રામ આલમગીર વચ્ચે યુદ્ધ મરાઠા વીર રાજારામે યુકિતથી આલમગીરને ભય બતાવી ગોરજાને લઇ સમુદ્ર મારફત હોળીમા પસાર થવુ આલમ ગીરનુ ગભરાઇ જવુ

પ્ર૦ ૬ ઠો સ્થળ ગંગાનુ વન

ગંગા પુરૂષ પાશાકમા ઉભેલી ત્યા સ્ત્રીઓના ભયથી ભાગી છુટી આવલા બ્રહ્મચારી આવી પહોચે છ ગંગા તેને છુપાવ છે અને પોત મોહીત થાય છે ચીંતરંજન પ્રપંચથી ગંગાને નોકર રહી અનાજના કોથળામા કમળા લીલી ભામળમા અનાજની ગુણો લાવ્યો છુ એમ કહી અંદર બ્રહ્મચારી પાસે દાખલ કરી દે છે ગોટાળો ખુલા થયો બ્રહ્મચારી ભય ભીત ભાગે છ પાછળ ચાર સ્ત્રીઓ ત્યા ચીતરંજનને પકડવા નાસ છે

પ્ર૦ ૭ મો સ્થળ રણ ભુમી

રાજકુવર મરાઠા સરદારો બાદશાહ સાથે યુદ્ધ કરવા ઉશ્કેરે છે તવામા મોગલ સનાપતી મુકરબખાન આવે છે બન્ન અરસપરસ સંવાદ, ત્યા રાજારામનુ આવવુ, મરાઠા સૈન્ય અને મોગલ સૈન્ય વચ્ચે ભયંકર યુદ્ધ મુકરબખાન કેદ

અંક ૨ જો સમાપ્ત.

અંક ત્રીજો.

પ્ર૦ ૧લો સ્થળ રાજકુવરનો ખાનગી મહાલય

ગણોજી ખાનગી મહાલયમા નજરકેદી હોવા છતા વજ્ર આયુધથી દીવાલ તોડી પસાર થાય છે મોગલ લશ્કરની વારે જાય છે, રાજકુવરને ખબર પડતા દીલગીર થાય છે, સુર્યાજી આવી આલમગીરનુ ખુન કરવા રાજકુવરને ઉશ્કેરે છે રાજકુવર આલમગીરનુ ખુન કરવા જાય છે

પ્ર૦ ૨ જો રસ્તા

પડીત કબજી બૈરી ન મળવાથી નીરાશ થઇ આ દુનીઆમા પ્રપચી ફાવે છે એમ સમજી માધુનો પોશાક પહેરી બેઠો છે ત્યા ચપળા બ્રહ્મચારીની શોધમા આવે છે કબજી તેને પોતાના દાવમા લેવા સમજાવે છે ચપળા કબજીને ઓળખી જઇ આખમા છીકણી નાખી યુક્તીથી પસાર થાય છે

પ્ર૦ ૩ જો સ્થળ કારાગ્રહ

મુકરબાખાન કેદ છે ત્યા ગણાજી રાવ આવી તેને બધન મુકત કરી લઇ જાય છે પહેરગીર જોઇ જતા તેને અટકાવે છે આનાકાની થતા ગણાજી પહેરગીરને પીસ્તોલ મારે છે, પહેરગીર મરણ થતા મુકરબાખાનને બાહુ બધનથી પકડી લે છે તેટલામા શાહુકુમાર તથા સુર્યાજી આવી પહોચે છે એક બીજાને વીવાદ થતા આલમગીરનુ આવવુ, સુર્યાજીને ગોળી મહારથી ઠાર કરવો, ત્યા રાજારામનુ આવવુ, બન્નેનુ યુદ્ધ, આલમગીરે રાજારામ પર પીસ્તોલનો ગોળીમાર કરવો, શાહજાદી મોઆજીમે આવી તે ગોળી પોતાના હાથ પર ઝીલી લેવી, સૌ ભયભીત થવુ, ગણાજી તથા મુકરબાખાનનુ નાસી જવુ

પ્ર૦ ૪ થો સ્થળ જગલ

બ્રહ્મચારી વસ્તીથી કટાળી જગલમા રહેવાના ઇરાદા પર આવ્યો, પરીશ્રમ પડવાથી આરામ લે છે ત્યા એક મસારથી કટાળી ગએલ છબીલી નામની વૈરી આવે છે બ્રહ્મચારી તેની પાસે જળ માગે છે, છબીલી જળ લાવી આપે છે સ્ત્રીના સ્પર્શનુ પાપ લાગ્યુ જે માટે જળ નહી પીના બ્રહ્મચારી વ્રત બતાવે છ સાધુડી છબીલી પણ જે પુરૂષ સાથે પોતાનો સ્પર્શ થાન તેને તેનો વણી મનાય એવુ વ્રત બતાવ છ બનેની અરસપરસ આનાકાની, નેવામા કમળા, લીલા, ગગા, ચપળા આ ચાર સ્ત્રીઓનુ આવવુ બ્રહ્મચારી ખોટો મરી ગયાનો ડાળ કર છ મધી સ્ત્રીઓ ભણી નેને પછવાડે કુટે પીટે તથા રડે છે અન ચીતા રચાવી તેમા બળી મરવા દન્ડ સ્તી થવા પ્રતીજ્ઞા લ છે બ્રહ્મચારી ગભરાઇ જઇ જાગ્રત થાય છ આ સર્વ બ્રહ્મચારીને ભુત સમજી મારવા લાગે છ ત્યા બ્રહ્મચારીના ગુરૂ રામદાસજી આવી બ્રહ્મચારીને કળીયુગનુ વૃતાત કહી સમજાવ છ પછી પાચ સ્ત્રીઓના બ્રહ્મચારી સાથે હસ્ત મળાપ લગ્ન કરાવાની તૈયારી

પ્ર૦ ૫ મો સ્થળ આલમગીરનો મહાલય,

આલમગીર માદગી અવસ્થામા પોતાના પાપ કર્માના પશ્ચાતાપ કર છ અને બેભાન સ્થિતિમા પડ્યા છે તવામા રાજકુવર ગુપ્ત દ્વારા પ્રવેશ કરી હાથમા ખજર લઇ આલમગીર પર ઘમારા કર છે, મુકરબખાન આવી અટકાવ છે, રાજકુવર મુકરબખાનને ખજરથી ઠીઘારી નાખ છ, શાહજાદો માહાઝમઅલી બાદશાહને મારવા રાજકુવરને અટકાવ છે અને આલમગીરના આજીજી કરી તેની તબીયત પુછવા કહે છે, તને આલમગીર પાસ જાય છ, આલમગીર જાગૃત થાય છે દુશ્મન છતા મારા અતીમે મારી ખબર પુછી એમ સમજી આલમગીર અત્યત ખુશી થઇ રાજકુવર પાસ માફી માગી રાજારામન બાદશાહી મહારાષ્ટ્ર દેશ પાછો સોપી સ્વતત્ર બનાવી મુદ્રાલેખ લખી આપી સર્વ પાસ અપરાધની માફી માગે છે અન યુવરાજ શાહને પોતાનાજ હસ્તે તાજપોશી કરાવ દરબાર ભરાવ છે

પ્ર૦ ૬ ઠો શાહુનો આવાસ

ગીરજા તથા સખીઓનો વાર્તાલાપ, શાહુ કુમારે આલમગીરના હાથે રાજગાદી મલવાના સમાચાર કહેવા ગીરજાનુ હર્શીત થવુ, ગણોજી રાવે શાહુ મારવા સમશેર ખેચવી, રાજકુવરે આવી સરદારો હસ્તક ગણોજી રાવને કેદ કરી કચેરીમા લઇ જવો.

પ્ર૦ ૭ મો સ્થળ દરબાર

શાહુને રાજગાદી આપી આલમગીર કરેલા અપરાધથી મુક્ત થાય છે, મરાઠા ' તીનુ ભલુ થયુ સમજી સૌ ખુશી થાય છે

આનંદ આનંદ આનંદ

સમાપ્ત.

પાત્ર પરિચય.

પુરૂષ વર્ગ.

સંભાજી—મહારાષ્ટ્ર દેશના રાજા
રાજારામ—સંભાજીનો નાના ભાઇ
શાહુકુમાર—સંભાજીનો પુત્ર ગીરજાનો પતી
રણોજી—મરાઠા રાજ્યનો નેક સરદાર ગણોજીનો ભાઇ
હમ્બીરરાવ—રાજ્યનો સેનાપતિ
સુર્યાજી—રાજ્યના વફાદાર કુટુંબી મરાઠા રાજાનો પોતા.
ગણોજીરાવ—રાજ્યનો મુખ્ય મરાઠા રાજકુવરનો પતી રણોજીનો ભાઇ
આલમગીર—દીલ્લીનો મોગલ બાદશાહ
મોઆઝીમ—આલમગીરના શાહજાદો
મુકરબખાન—મોગલ રાજ્યના મુખ્ય સેના નાયક

કામીક પુરૂષ પાત્રો.

બ્રહ્મચારી—ગુરૂના આજ્ઞા પાળનારો એક ભોળો સાધુ
કબજી—મરાઠા રાજ્યનો કનક
ચીતરંજન—એક નાગરીક ગ્રહસ્થ
અડબંગ—કબજીના નોકર
રામદાસ—બાગા બ્રહ્મચારીના ગુરૂ

સ્ત્રી વર્ગ.

સોયરાબાઇ—સંભાજીની જન્મદાતા માતા
રાજકુવર—સંભાજીની બહેની ગણોજીની પત્ની
ગીરજાબાઇ—સુર્યાજીની પુત્રી શાહુકુમારના અર્ધાંગના
કામલતા—શહેરની નાયકા

કામીક સ્ત્રી પાત્રો.

કમળા—એક કુવારી બાળા પાછળથી બ્રહ્મચારીની સ્ત્રી કબજીની પુત્રી
લીલી—માબાપ વગરની એક યુવાન બાળા પાછળથી બ્રહ્મચારીની સ્ત્રી
ચપળા—ચીતરંજનની પુત્રી પાછળથી બ્રહ્મચારીની સ્ત્રી
ગંગા—પતીનો ત્યાગ કરી રહેલી પુરૂપના સ્વાંગમાં છુપી રહેલી એક બાગા પાછળથી બ્રહ્મચારીની સ્ત્રી
છબીલી—મનમાન્યા ટાળો માની રહેલી સ્ત્રી પાછળથી બ્રહ્મચારીની સ્ત્રી
ને શીવાય નામ વાસીઓ નગરવાસીઓ વારાંગનાઓ સીપાઇઓ વગેરે

૧૦૯૮૦

॥ ॐ ॥

છત્રપતિ સંભાજી નાટકના ગાયનો.

બાળાઓ— મંગલાચરણ

શ્રીધર માધવ મુકુંદ મોરારી વિશ્વ વિહારી મંગળકારી
વિરીધ નામ સુંદર શ્યામ નીતિકારી નીષ્કામ
રંગ સંગ રાધા રૂપ ચરણ શરણ અતી અનુપ શ્રીધર૦
અગમ નીગમ અજય સ્વામી મોહન મદહર ગરૂડ ગામી
ગર્વ ગંજન ભીડ ભંજન પરમ પુજ્ય પ્રભુ નમામી શ્રીધર૦

બાળાઓ— ૨

ભલે વીર વસ્તા વસુધા પરે ભાત ભુમીનુ મકટ હરે
રણ શુર સાટે રણ સંચરે માતૃભુમીને માટે મરે
સત્ય બોધ સ્વાતંત્ર તણા અત્યુત્તમ આત્મા સ્મરે
અકય અભિનય જન અવતારી સંપ સંધના કરે ભલે૦
દહન ગતી દુઃખો કરતા પણ આત્મા ધીરજ ધરે
સંપ તણી નૌકા કર ધારી મહાત્મા મંગળ કરે ભલે૦

કમળા— ૩

ચાલ લટકતી ચાલી ગાલે ગુલાબી લાલી,
મારી નયનની કટાર માર દીલ મારતી
ભોગીનુ ભુલાવ ભાન યોગીનુ તજાવુ જ્ઞાન ચાલ૦
અંગે અંગમાં અનંગ વ્યાપી જાય છે
મુછ ચોળી તણા બંધ ઢીલા થાય છે ચાલ૦

કમળા બ્રહ્મચારી—　　　　૪

રતી પતી રૂપ તુ ભોળા બ્રહ્મચારી મે નીરખી છબી છેલ તારી
દીવાની કીધી તે મોહ બાણુ મારી

બ્રહ્મ—ડરી ડરી નારથી ચેતીને ચાલીએ ભોળા અમે બ્રહ્મચારી
મારગડો મુકી હવે મોહ તજી નારી

કમળા—ભુખી છતા મળ્યુ ભાવતુ ભોજનીયુ પછી મન મોહ કેમ ત્યાગે
બાવાજી પછી મન મોહ કેમ ત્યાગે

બ્રહ્મ—કરે વિહાર કેમ વામા વિષ્ટાથી દેખી દેખી હસ દુર ભાગે
ટેકીલો દેખી દેખી હસ દુર ભાગે

કમળા—બેઠા લ ભાવથી અતર આતુર આ

બ્રહ્મ—ભાગ બચા ભોગ લશે બલા જરૂર આ

કમળા—જાગીડા જાગનીએ ઝુલાવુ પ્યારથી　　　　રતી પતી૦

રાજારામ　　　　૫

ર　　　સાચા અકલ્પ એક રૂપ સ્મરણમા

આફત શીરપર આવ અસખ્ય તોએ ડરના લશ દેશ માટે મરણુમા—રે૦
સપ વિના ઝુજવા થયા કારવ પાડવ જેમ
સપ અભાવ અસ્ત થયો નૃપ લકા સુર તેમ
ધાર ધારી મન સકટ સેવા તન
પ્રાણાપણુ થાય બલ સપ ગરણુમા　　　　ર સાચા૦

રાજકુવર　　　　૬

કપુત કુળ અગાર પોતાનુ નામ ગુમાવ છ
ત્રમી જાર હથીયાર પ્રજાજતનો અત લાવ છે
વ્યસનથી વહેવાર કરીને ધનને સપ તજે છે
કર કુટબથી વર પછ દુશ્મનનુ દીલ હસે છે—　　કપુત૦

સાખી

વળા ધમ કમ શમ ત્યાગી પાપ કમો કર ઘર　　/
પછી આપ નક જાય ઉદ્ધાર પીત્રુનો એ શુ કર

રાજકુંવર— ૭

કુકર્મી મનુષ્યને ધીક્કાર કરશે કુટુંબનોજ સંહાર
અપકાર પર ઉપકારજ આપે ક્ષમા હ્રદયમા જે જન સ્થાપે
તે વીરતાનો ભંડાર—કુકર્મી૦
નીજ શસ્ત્રે રંભા કદી છેદી અનુપમ મોતી પણ ધ્યો ભેદી
આપે અમુલ્ય ઉપકાર—કુકર્મી૦

ગીરજા સખીઓ— ૮

સખી ખીલ્યો વસંત રાજ બાગમા
જોજે બોલે કોકીના આ ભાગમા મધુર રાગમા
લેવાને પુષ્પ સુગંધ ધરતા એ ઉર આનંદ
વીરહીલા દદીલા ભમતા મકરંદ

સાખી

ચમેલી ચંપા કળી ડોલર કેતકી જાય
ગુલાબને ગુલનાદી ભરજોબનમા જાય
અશોકર્યા આલીગવા આ વલ્લીકા વળખાય
જોઇ રસીક નાથ ભરવા બાથ અંતર આતુર થાય
હે વલી થઇ ઘેલી છુ વરગીણ એકેની હુ
જાડાશો બ્હેની દીલ દારથી
મસ્તી ઉતરશે વ્હાલાના વ્હાલથી મખી૦

ગીરજા શાહુકુમાર— ૯

મારા રસીયા રસરાજ શાણા શાહુ શીરતાજ
આજ ઉતારૂ પ્રેમ તણી આરતી
જ્યાર થાશે શુભ લગ્ન દેવી અગ્ની સમક્ષ
ત્યાર આરતીની રતી મને ના નથી
આજ મારે છે આનંદ અતી ઉર વિશે
દગ દંપતી સમાન ઉભય ના દીશે

છોડો હાથ રાખો લાજ મળ્યા રમીયા શીરતાજ
આજ ઉતારૂ પ્રેમ તણી આરતી   મારા૦

કામલત્તા—   ૧૦

પીયોજી લીઓ હો સુજાણ સુરાની સગી
મસ્ત બનાવે છે, રજ હઠાવે છે દવા છે રામનુ બાણ   સુરા૦
બાલામા વ્હાલી મધુની પ્યાલી ભરી સુધારસ ખાણ   સુરા૦

લીલી—   ૧૧

હુ તો દવતા લવા ગઇતા પીટયા વાઢાના ઘરમા
વાતે વાળી આખ ઉલાળી મન કર્યુ ડગમા
મદન ચાળા જાઇ વાઢાના હુ ડરી અતરમા   પીટયા૦
સમજાવ્યા સમજે નહી મુખા છકલા એ છળમા
મહુ મદ મસ્ત બનીને બાઝયા બાથ ભરી બળમા   પીટયા૦
ખાખરના ચરનારો ખર એ શુ સમજે સાકરમા
વાઢાને વેર કાઇ જાશો નહી વાજ લશો પલમા   પીટયા૦

કમળા લીલા બ્રહ્મચારી   ૧૨

કમળા—દુરજા (૩) તુ અહીંથી ખટપટ છોડ નકામી
    મુકી દે મારા સ્વામી
    જાને સ્વામીની મામી   દૂરજા૦
બ્ર—મઉ છોકડીઓ ગાને ગાઝો નથી ગોળનુ ગાડુ આ
કમળા—સુધાકર છો
લીલી—લીનઇ વિમળ છો
બ્ર—ફડા મુકા કામી   દુરજા૦
કમળા—વણી કરના હોય ધોવા જાતુ ધોબી તળાવમા મોઢુ આ
લીલી—મટક બોલા
કમળા—જા જા ગોલી
બ્ર—દુરેપુરી જામી   દૂરજા૦

લીલી કબજી— ૧૩

પ્રીત રીત મમજ્યોના શરમ તુ ગમારને
આજ ઠાર હું કરૂ અનાડી ચમારને

કબજી—દે પ્રેત મારી
લીલી—છે દીલ પાપી
કબજી—પાએ લાગુ મને નવ માર
લીલી—મરવાનુ અ તરમા ધાર
કબજી—જીવ માન પ્રેત માન
લીલી—નહી છોડુ હુ હેવાન
કબજી—બાઇ જા જા જા
લીલી—બસ ના ના ના
કબજી—ભુત ભલા છોડ માલા
લીલી—તુ છ નટખટ બલા મારૂ કપટી કુલાગારને પ્રીત૦

ગીરજા— ૧૪

આ વિશ્વનો રચનાર દયાળુ એક ખુદા છે
રામ ને રહેમન ભાવે કૃષ્ણુ તે કરીમ કહાવે
લડનાર સૌના એક ઇશ્વર કર્મ જુદા છે આ વિશ્વ૦
અગમ નીગમને જાણુનો વળી પાપ પુન્ય પ્રમાણુતો
પણુ મોક્ષનો દેનાર મૌલા એક ખુદા છે
સહુના ધર્મ જુદા છે આ વિશ્વ૦

રાજારામ— ૧૫

અસી ધરી અધમનો અન્ત આણુ હવે
દડ દઇ દુષ્ટનો ખડન કરૂ હુ
ઘેરૂ જઇ દીલ્હી ધઢ ધાકે ધ્રુજાવી
થર થર થર થર કપે જપે રીયુ એ ભય હારી અસી૦

ચપળા— ૧૬

હુ છુ નારી નાનકડી મનગમતી જોપે જોડ મા
છુ નખરાળી નાજુકડી મને પરણ્યાના કોડમા

કામ ક્રીડા (વાયમા) કામ ક્રીડા કોગ મન મારૂ
નીના સ્વામી સોડમા હુ સુ૦
સુતા સેજ માહી સ્વપ્ન આવતુ
મન મત્ર અક સ્વામી ગોખતુ
કામ ક્રીડા (વાયમા) કામ ક્રીડા કોગ મન મારૂ
નીના સ્વામી સોડમા હુ સુ૦

૧૭

કમળા લીલી ચપળા બ્રહ્મચારી ચીતરંજન –

ચપળા—મોલ મોલ બ્રહ્મચારી બાવા કરૂ કજેતી તારી હુ
બ્ર૦—માક કાપુ ચલાવુ મોટાની માફ
ચી—(રામાટે)
બ્ર—(સાભળો) હુ ભાળો બ્રહ્મચારી પાછળ પડી નથુ નારી
મની આધળી વ્યભીચારી મારો જીવ ખાય છે
ચ—અમા અધીરી જાત અતરમા આ છો
બ્ર—સમજાવા આ જાગણીયોન તમે માગ બાપ છા
લી—હ૦ થઈ છ હવે વ્હાલા આમ શુ રીસાવ છો
ક—માક પણ દીલ દુભાવી ભાગી કયા જાઓ છો માક૦

રાજકુવર— ૧૮

મત્વન જાણો નાચુ મહારવા અતર મારૂ અ ઈચ્છે
દુશ્મન દળને ચીક નીદાક પ્રતિજ્ઞા મારી એ છે
સ્વજાતીના કલ્યાણ અર્થે આત્મા અર્પણ થાએ
દેશને માટે દેહ મારા દહી ભોગ બલ બની જાએ મત્વ૨૦
નીરત્વ ધારી ક્ષત્રી નીરાગના અતર ભેદુ અરીનુ
અમીધારી કર હર હર હર શરણુ માગ્યુ હરીનુ સત્વર૦

બ્રહ્મચારી ચીત કમળા લીલી– ૧૯

બ્રહ્મ--તમ અનમ નહી આબરૂ બચાવશો
મવ—સ્વામી વિનાનુ કાણ છે બતાવશો
ચીત—નહીં નારીને નાહક સતાવશોરે નહી૦

ચપળા—નર્ક નહી રત્નની ખાણુ છે નારી
એજ ખાણે પેદા થયા ભોળા બ્રહ્મચારી
બ્રહ્મ—ગણુ નર્ક ખાણુ નારી સીધાવશો . નહી૦
કમળા—શકર ને વીષ્નુ બ્રહ્મા નારીના ભોગી
નારીથી વીહાર કરે જતીને જોગી
લીલી—હવે હાથ સાથે હાથ આ મીલાવશો નહી૦

ચપળા— ૨૦

રહ્યુ આ જોબનીયુ મરશે કથને જોવા ચીત તલસે રહ્યુ૦
પ્રિયતમ મારો પ્રાણુથી પ્યારો મુજને કયારે મળશે
ભાગ્ય માર બ્રહ્મચારી ભોળા સાથ કયારે ભળશે રહ્યુ૦
પતી રટતી મન પ્રમદા નીરતર કથ કોડ પુરા કરશે
સુદર વહેતી સરીતા શોભે સાગરને જઇ મળશે રહ્યુ૦

છબીલી— ૨૧

અતર અધીર બહુ થાય છે બાવાને નીરખીને દીલ લલચાય છે
ભેટી લે ભુલીશ નહી ભોળા બ્રહ્મચારી
અબળા આતુર થવા દાસી તમારી
જીવન તન મન મલકાય છે ભોળા૦
આધીન રહી નમાર પખીણીને પાળજે
સર્વદા સેવા બજાવુ સાધવી સભાળજે
અર્પણ આ અગ તમને થાય છે ભોળા૦

કમળા લીલી ચપળા ગગા છબીલી ૨૨

ચોક વચ્ચે મડપ રોપાવોરે મડપમાહી ચોરી ચીતરાવોરે
બાજઠ ઉપર બેસે બાવો સામા સૌ અમને પધરાવો
હસ્ત મેળાપનો ક્રીયા કરાવો ચોરી મગળ ચાર વરતાવો
રૂડા રાગી વાજા વગડાવોરે ચોક૦
વર કન્યાનો કલવો લાવા જમાડીશુ જમશે બાવો

નગર તણી નારી તેડાવો સારા સારા ગીત'ગવરાવો
ગીત ગજન કરો કન્યાદાનનો લ્હાવોરે   મોહ૦

રાજકુવર—   ૨૩

ભાર્તિ દેવીના સતાનો સંપને'સાધી રહ્યા
પાપને પરીતાપ ટાળી સપ સમાધી'મય થયા
માતૃ ભુને ઉધારવાને ઐકય સહુ અતર કરી
હીન્દુ મુસલમાન બેઉ બાળક વરને જાઓ વીસરી ભાર્તી૦
નીજ દેશને નીજ દેશીઓ દુખીઓ કદી જોશો નહી
જા આત્મબળ ધારી સનાતન ધર્મને ખોશો નહી ભાર્તી૦

ગીરજા-સખીઓ—   ૨૪

દીલ દદી દરદીનુ દરદ અતર જાણુ
નીશામ વીરતા વીરાની ભીરૂત પીછાણું   દીલ૦

સખીઓ—કુમુદ કપે અકળુતાએ તપ્યુ મન હીમ ડગ ઠારે
મેઘ ગરજના કાન આવતા મયુર મન રાચે ત્યારે

ગીર —પ્રેમ દદનો અત પ્રેમી આણે (બાઇ) (૨)   દીલ૦
મદન ડખે રસીક ઝખ ચડી મદ યોવન ચાળે
કથ વિયોગે દુ:ખ થાય બા ચીન્તાએ ચીતન બાળે

ગીરજા—કીધી શાન્ત નહી એ પ્રીતમ પ્રાણે (હાય) (૨) દીલ૦

ગીરજા—સખીઓ—   ૨૫

કામબાણુ કના વીંઝાણી કુજ પાખડી
જાદુ ભરી તારી અણીયાળી આખડી

ગીર—એમ

સખીયો—હ અ

ગીર—જાયુ

સખી—હાન

ગાલ ભાલ લાલ બાલ નાગને તજાવતા
કુંજ ગેટા કુચ તારા ઉરને દીપાવતા

ગીર—જાણી મે શાણી

સખીઓ—હજુ અરધી વિંધાણી
નીતંબ તુંબ ઝગટ રંભા કટી દીસે ફાંકડી

ગીર—અલી હું તો શરમાણી

સખીઓ—હવ પુરી વિંધાણી　　　　　　　　કામબાણે૦

ગીરજાબાઇ—શાહુકુમાર—　　૨૬

ગીર—સુધારક સ્વામી મારા ચંકોર્ગા ચીત હરનારા
પધારો પ્રીયતમ પ્યારા છો દીલભર દીલ હરનારા

શાહુ—અધગઅંન તું પાનારી પ્રીતી રસની છો ઝારી

ગીર—પીઆજી પ્રેમ પ્યાલી

શાહુ—વાહ સુંદર સુખ કર વાણી

ગીર—દીલ દેવાના તમ શીરતાજ છો
મદ ભર મધુકર શા રસ રાજ છો

શાહુ—હંવે રસીલી રસ રંગમા રીઝાવજો

ગીર—નાજુક કળીઓ આ ખીલાવજો (સમજયા)
વરપેલી વનીતા

શાહુ—સુખ કર ભરીતા

ગીર—રસ ભર રસીલા

શાહુ—મન હર મહીલા　　　　　　　　પધારો૦

શાન્તિ.　　　શાન્તિ.　　　શાન્તિ.

સમાપ્ત.

શ્રી હિન્દુ નાટક સમાજ

આ નીચેના પ્રયોગોનાં પુસ્તકો કંપનીના મુકામેથી મળી શકશે.

૧	વીર હમીરના ગાયનો		કિ રૂ	૦-૪
૨	નવજીવન	,,	,,	૦-૪
૩	ગુજરાતની ગર્જના		,,	૦-૪
૪	પ્રજાજીવન		,,	૦-૪-
૫	ગંગાશાપ	,,		૦-૪-
૬	પાંડવ ગુપ્ત નિવાસ	,	,,	૦-૪-
૭	સમ્રાટ ચંદ્રગુપ્ત	,,	,	૦-૪-૦
૮	પંજાબ પતન	,	,	૦-૪-૦
૯	જોહર સમશેર	,	,,	૦-૪-૦
૧૦	સુધન્વા		,,	૦-૪-૦
૧૧	અમન-ચમન	,,		૦-૪-૦
૧૨	રક્તપાન	,	,,	૦-૪-૦
૧૩	વીર પ્રતાપ	,,	,	૦-૪-૦
૧૪	રા નવઘણ	,	,,	૦-૪-૦
૧૫	વીર છત્રસાલ	,,	,,	૦-૪-૦
૧૬	ગુમાનસિંહ	,	,,	૦-૪-૦
૧૭	છત્રપતિ સંભાજી	,	,	૦-૪-૦
૧૮	વીર જનાસંઘ	,,	,	૦-૪-૦
૧૯	વામન-અવતાર	,,		૦-
૨૦	જુલમી જાલમ	,,	,,	૦-

'વીર-હમીર" ભાષણ ગાયન સહિત કી ૧-૦-૦
'જોહર સમશેર'ના ઓપેરા હિંદી તથા ઉર્દુમાં પણ તૈયાર
'ગંગાશાપ ના ઓપેરા હિન્દીમાં તૈયાર છે

માલેકો,
શ્રી હિન્દ નાટક સમા